Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાસ;
આત્માને આરામ દે, આત્માનન્દ પ્રકાશ.

પુસ્તક ૬ ઠું. વિક્રમ સંવત્ ૧૯૬૪. ભાદરવો. અંક ૨ જો.

## પ્રભુસ્તુતિ.

### શાર્દૂલવિક્રીડિત.

જે સુણી [1]શ્રવણે [2]સુધા વરષતી વિજ્ઞાનને [3]અર્પતી,
જે આનંદ [4]અમંદ અર્પણ કરી સંતોષથી [5]તર્પતી,
જે આ [6]ભારત સર્વ ભવ્યજનના ઉદ્ધારને આચરે,
તે વાણી જિનવીરની જગતમાં ઉદ્યોત સારો ધરે. ૧

## ગુરૂસ્તુતિ.

### માલિની.

[7]અગણિત ગુણધારી, વિશ્વમાંહે [8]વિહારી,
પ્રવચન મન ધારી, સર્વને લે સુધારી;
હૃદય વચન કાયે, સર્વદા નિર્વિકારી,
જયજય [9]અનગારો, ધર્મ ઉદ્યોત કારી. ૧

૧ કાને. ૨ અમૃત. ૩ અર્પણ કરતી. ૪ ઘણો. ૫ તૃપ્તિ આપતી.
૬ ભારતખંડના સર્વ ભવ્યજનને. ૭ અસંખ્ય. ૮ વિહાર કરનારા ૯ મુનિઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સદ્‌ગુણુલાલનો સંસ્કૃત સંસાર.

## ( બાળનીતિધર્મ. )

### પ્રકરણ ૧ લું.

" क्वचिद् विद्वद्गोष्ठी क्वचिदपि सुरामत्तकलहः
क्वचिद् वीणावादः क्वचिदपि च हाहेतिरुदितम् ।
क्वचिद् रम्या रामा क्वचिदपि च जराजर्जरतनुः
न जाने संसारः किममृतमयः किं विषमयः ॥

" He (man)
Created half to rise and half to fall,
Great lord of all things, yet a prey to all,
Sole judge of truth, in endless error hurled,
The glory, jest and riddle of the world. [1]

" હે પ્રભુ, જ્યારે દશ દૃષ્ટાન્તે દુર્લભ છતાં પણ પાંચે ઇન્દ્રિયોથી પૂર્ણ એવો મનુષ્ય દેહ મને આ ભવમાં પ્રાપ્ત થયો છે ત્યારે મારી એ સ્થીતિને પૂરી બંધબેસતી પ્રમાણિકપણાની પદવી મને પ્રાપ્ત થાઓ. કારણ કે કહ્યું છે કે सत्यमेव जयते नानृतम् ।

" આપણા જનસમાજમાં પ્રત્યેક વ્યક્તિ જો પોતાની સ્થીતિનો વિચાર કરી જોશે તો પોતાના કરતાં વિશેષ બળહીન, વિશેષ

---

૧ મનુષ્ય ઉદયાસ્ત, ચઢતી પડતી, તડકા છાયા સહન કરવાને સરજાયલો છે; સર્વ વસ્તુઓપર આશ્ચર્યકારક સ્વામિત્વ ભોગવતો છતાં પણ એને સર્વ તરફથી સંતાપ છે; સત્યનિર્ણય કરવા માટે ન્યાયાસને વિરાજેલો એકલો ન્યાયાધીશ છતાં પણ અપાર દોષ સાગરમાં એકદમ ભ્રષ્ટતા પામેલો છે. આમ એ [ મનુષ્ય ] દુનીઆની સત્કીર્તિરૂપ છે, હાસ્યરૂપ છે અને એક ગૂઢ પ્રશ્નરૂપ પણ છે.

એ. પોપ નામના એક અંગ્રેજ કવિના
' Essay on man ' માંથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હીન, કે વિશેષ આધિ ઉપાધિમાં લીન અન્ય કોઈ જીવાત્મા એની દૃષ્ટિએ ચઢશે નહીં.

“ માણુસજાતની ધારેલી જીન્દગી કે હયાતી સાધારણપણે સાઠ વર્ષની થવા આવે છે. તે પણ શરૂઆતથી તે અન્ત પર્યંત ક્ષણે ક્ષણે ભય અને અનેકવિધ આપત્તિઓથી ભરપૂર છે. આવી-માંની વળી અર્ધી તો માણુસ જાત નિદ્રામાં, આળસમાં અને અનુદ્યોગપણામાં નિર્ગમન કરે છે. શેષ ત્રીશેક વર્ષ રહ્યાં તેમાં બાળપણ, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા એ ત્રણે આવ્યાં. એ ત્રીશમાં કનિષ્ઠ ગણત્રીએ દશ વર્ષ બાળપણ, માંદગી અને અવસ્થાજન્ય ક્લેશાદિના ગણવા જોઇએ. આ ગણત્રીએ ગણના કરતાં અખિલ જીન્દગાનીમાંથી માત્ર વીશ વર્ષ ખરા કામકાજનાં રહ્યાં ! અને એટલામાં પણ કાર્યોનો કેટલો અસહ્ય ભાર ? જંજાળ પણ કેટલી ! સૌથી પહેલી તો નિર્વાહની ચિન્તા, સાજા માંદાની માવજત, મિત્રોનો મેળાપ, દુશ્મનોનો ડર, પરદેશને વિષે પ્રવાસ, સંબંધીઓના સંયોગ-વિયોગના સુખદુઃખ, વ્યાપારાદિના લાભાલાભનો હર્ષ શોક, વખતનો બચાવ અને હિસાબ, ભૂતનો પશ્ચાત્તાપ અને ભવિષ્યનો વિચાર, ભાગ્યદેવીની કૃપા અને લક્ષ્મીનો સંગ્રહ, માનાપમાનની ફિકર અને વિપત્તિમાં રક્ષણ ! કેટલું બધું સંભાળવાનું છે ? પેલા મહોલે મહોલે પોકારતા ભટકતા સાંઇના શબ્દો બરાબર સત્યજ જણાય છે—

“ જીન્દગી હુયે યા કોઇ તુફાન હુયે. ”

“ દો દિનકી જીન્દગીમેં ભલા કોઇ ક્યા કરે ? ”

“ આટલાં બધાં ઉપરાંત વળી સૌથી અગત્યની વાત રહી જાય છે તે તો જુદી—નિત્ય પરમાત્માની ભક્તિ, ગુરૂજનની સેવા અને બાળબચ્ચાંની કેળવણી આદિની સંભાળ—કેટલુંક સંભાળવું ? મારેજ અત્યારે પ્રભુના આપેલાં પુત્ર પુત્રીઓ છે એમને કેળવવાના સંબંધમાં કેટલું કરવાનું છે ? સાધારણ લોકનો વિચાર એવો છે કે બાળકોની નીતિ અને ધર્મ સંબંધી કેળવણીનો મુખ્ય આધાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાળકોના ગુરૂ કે શિક્ષકપર રહે છે. પણ એ વિચાર ખરો નથી. અનુભવપરથી એવા છેવટપર આવી શકાય છે કે શિક્ષકો કરતાં માબાપો એ કામને માટે વધારે યોગ્ય ઠર્યા છે. ફરજંદોના સદ્વર્તનનો પાયો એમના જન્મ આપનાર માતપિતાના એ પ્રકારના પ્રયત્નોપરજ છે. એ પ્રયત્નોજ એમના ગૃહસ્થાશ્રમમાં આશીર્વાદ રૂપ થઇ પડ્યા છે. સદ્ગુણી માતપિતાએ પોતાની સંતતિને સદ્વૃત્ત બનાવવાને શિક્ષાપાઠરૂપ જળનું હમેશાં એમની કોમળ મનલતાપર સિંચન કરવું જોઇએ.

" (૧) સત્ય અન્તઃકરણ અને સાચા દિલથી ધર્મને અનુસરીને ચાલવું એજ સંસારી સુખનો મૂળ પાયો છે. ( કારણ કે ઘર સંસારી સદ્ગુણોને ધર્મથી છૂટા પાડી શકાતા નથી. ) (૨) અધર્મીપણાથી હરહમેશ ખરાબીજ નીપજે છે. (૩) કુટુંબ કલેશથી નિરન્તર માઠાં ફળ પ્રાપ્ત થાય છે. (૪) સ્ત્રી કેળવણીની પુરી આવશ્યક્તા છે. (૫) સત્સંગતિ અને નીતિના પુસ્તકોના વાંચનથી અનેકવિધ લાભ થાય છે. (૬) નિર્મળ–નીતિ, નેકઆચીયત, ઉત્તમકરણી, સત્યવાદિપણું, પ્રમાણિકતા, દયા, આધીનતા, ઇત્યાદિમાંજ ખરી મોટાઇ છે; અને ખરી શ્રદ્ધા તથા સાચું મન એજ સંસારના સુખનો પાયો છે. અધર્મીઓને સીધી રીતે વારતાં તેઓ માનતા નથી, માટે એમને આડકતરી રીતે એમનાં કાર્યોને ભરમમાં ને ભરમમાં કહી બતાવવાં કે થોડી અક્કલવાળા પણ એઓ સમજી જાય.

" ફરજંદોને કેળવવાં એ માત્ર ઉછેરી પાળી પોષીને મ્હોટાં કરવામાં કે ઉદરનિર્વાહને માટે કોઇ સાધન શીખવી દેવામાં અથવા એમનાં લગ્નવિવાહ કરી આપવામાંજ નથી. પણ એમની વર્તણુકમાં નિર્મળતા, સ્વભાવમાં સુધારો, અને એમના વિચારમાં સત્યતાની વૃદ્ધિ કરવી એ પણ માતપિતાના અનેક ધર્મમાં એક ધર્મજ ગણવો.

" પણ અફસોસ છે કે જનસમાજનો વિશેષ ભાગ પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મથી અજ્ઞાત છે. એક પણ પિતા પોતાની સંતતિને કેળવવાની પોતાની ફરજ પૂર્ણપણે પાળી શકતો નથી અથવા નથી દર્શાવી શકતો એમની આગળ પોતાની યોગ્યતાનો નમુનો, કે નથી પાડી શકતો એમનાં કોમળ મનપર પોતાની નીતિ રીતિ કે સદ્‌વર્તનની ઉત્તમ છાપ. આવો નમુનો બતાવ્યા શિવાય કે આવી છાપ પાડ્યા વિના, મનુષ્ય એમ ધારે કે પોતાની સંતતિ સુસ્વભાવવાળી કે સત્ય આચરણવાળી થશે, તો એઓની ધારણા વૃથા છે. "દીકરા તે દોલત, કેળવે તે ભોગવે" એજ કહેવત એમના મનમાં સર્વદા રમી રહેલી હોવી જોઇએ. માટે પ્રત્યેક માતપિતાએ પોતાની સંતતિને ઉત્તમ જીવન નિર્ગમન કરવાનો અભ્યાસ તથા સત્ય અને પ્રમાણિક નીતિ ભરેલી કરણીવાળી કેળવણી આપવાની ખાસ આવશ્યકતા છે. આજ અને એમાંજ ધર્મનો સમાવેશ થાય છે. નીતિ એજ ધર્મ (religion)છે. નીતિથી ધર્મને જુદો પાડવાનો પ્રયત્ન એ પુષ્પમાંથી સુગન્ધ અને સૂર્યમાંથી પ્રકાશને જુદા પાડવાના પ્રયત્ન જેવોછે.

"એક તરફથી સરકાર કેળવણીને લગતા પુસ્તકોમાં અમુક ધર્મના સંબંધવાળું લખાણ પસંદ કરતા નથી, અને કહે છે કે એવા પુસ્તકોમાં ધર્મ સંબંધી કિંચિત લખાણ નજ આવવું જોઇએ. ત્યારે બીજી તરફથી જોઇશું તો આપણા દેશમાં જુદા જુદા મત મતાન્તરો એટલા બધા હયાતીમાં આવેલા દૃષ્ટિગોચર થાય છે કે એમ કહેવાને કોઇ જાતની અડચણ નહિ આવે કે દરેક સો મનુષ્યો એક એક જુદો ધર્મ પાળે છે. વળી લોકોમાં સૂગ પણ એટલે સુધી પેસી ગઇ છે કે એક ધર્મ કે મતવાળાઓની ગમે તેવી સારી વાત હોય છે, પણ અન્ય ધર્મ કે મતના અનુયાયીઓ એના તરફ દૃષ્ટિ સરખી કરતા નથી. આ આપણા લોકોની મ્હોટી ખામી છે. દરેક સ્થળેથી સાર ગ્રહણ કરવો એ ઉત્તમ પુરૂષોની રીતિ છે. નરકમાંથી પણ રત્ન ગ્રહણ કરવાનું કહ્યું છે. વળી અમુક સ્થળોએ તો એક બીજા ધર્મવાળાઓની ભાષામાંજ ભેદ જણાય છે, જોકે એઉનો ભાવાર્થ એકજ જેવો હોય છે. આવી બાબતો પરત્વે બચ્ચાંઓના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીજ્ઞાસાભર્યા પ્રશ્નો થતા હોય, તેમનાપર ખાસ દૃષ્ટિ રાખી તેમને બહુ ઉત્તમ પ્રકારની વલણ આપવી જરૂરની છે. કારણ કે એમ કરવાથી એમની એ શકિત તેજીપર આવે છે, અને નકલ કરવાની અભિરૂચિ એમના અંતઃકરણમાં વૃદ્ધિ પામતી જાય છે.

" આપણાં બાળબચ્ચાંઓને કેળવણી આપવી એ આપણા પોતાના ભ્રાતૃવર્ગ પ્રત્યે પરસ્પર મૈત્રીભાવ, સહાયતા, તથા પરોપકારીપણાનો એક વિભાગ છે. આ વિષય પરત્વે જેટલી જેટલી અસાવધતા આપણે રાખીએ છીએ તેનું મુખ્ય પરિણામ આપણી અને આપણા દેશની અધમ દશા છે. આવી જાતની કેળવણી આપણા બાળકોનેજ નહિ પણ ઉમરે પહોંચેલાઓને સુદ્ધાં આપવી અગત્યની છે. કારણ કે એઓ પણ મોટે ભાગે એનાથી બેનસીબ છે. પણ એક ઇંગ્રેજી કહેવત છે કે, Charity begins at home " દાનધર્મ પ્રથમ આપણે ઘેરથી શરૂ થાય છે. " માટે આપણી પ્રથમ ફરજ આપણાં બાળબચ્ચાંઓ અને આપણા કુટુંબીઓને સુધારવાની છે, ત્યાર પછી નજીક નજીકનો સંબંધ ગણતાં, પાડોશીઓ, પછી એક પોળ કે શેરીવાળા, પછી એક ગામવાળા, પછી એક દેશવાળા અને છેવટે ભ્રાતૃભાવથી સંયુકત એવા સર્વ મનુષ્યોને સુધારવાની ફરજ પણ આપણે શીર છે. પણ આ છેલ્લી વાત બહુ દૂરની લાંબેની વાત છે. માટે અત્યારે જે કાર્ય હાથમાં લેવાનું છે—જે પ્રયત્ન કરવાનો છે, તે મારા ફરજંદોને યોગ્ય રીતે કેળવી એમનાં જીવનને એક નમુનેદાર જીવન બનાવવાનો છે. સાંઇની " તુફાન " જેવી ' દો દિનકી ' જીન્દગીમાં બની શકે તે કરવું છે. "

આ વિચારો એક વખતે એક ગૃહસ્થના શુદ્ધ મનનશીલ, સંતુષ્ટ અંતઃકરણને વિષે ( ઉદ્ભવી ) રમી રહ્યા હતા.

એ ગૃહસ્થ કોણ ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રકરણ બીજું.

અગાઉ એક વખતે ઇ૦ સ૦ ૧૮૯—ના વર્ષમાં—શહેરમાં ભારે મરકી ચાલી અને એનું જોર એટલું તો વધી ગયું કે એકલા મહોલ્લામાંથી દરરોજ ત્રીશ ત્રીશ, ચાલીશ ચાલીશ માણસો એ નિર્દય મરકીના સપાટામાં આવી જઇ ભયંકર મૃત્યુને શરણ જવાં લાગ્યાં. આખા શહેરમાં જ્યાં જુઓ ત્યાં ઉજડ શ્મશાન જેવું દીસતું હતું, જ્યાં દૃષ્ટિ પડે ત્યાં ભય અને ગભરાટ. જે બજારોમાં અર્ધી અર્ધી રાત્રી સુધી રાહદારીઓની ધમાલને લીધે સામા આવનારાના ખભા સાથે ખભા અથડાયા વિના રસ્તો પસાર કરી શકાતો નહીં, તે બજારો પણ એટલાં ઉજડ જણાવા લાગ્યાં કે ધોળે દિવસે—ખરે બપોરે પણ ત્યાં જતાં ડર ઉપજતો હતો. ફક્ત એક મૃત્યુનું બજારજ ગરમ હતું. 'જરી પુરાણા' 'ઘાસલેટ' આદિની બુમ પાડી રસ્તે વેચનારા ફેરીઆઓના પોકાર સદંતર બંધ પડી ગયા હતા. માણસો એક બીજાને મળવા હળવા જવાની, મહેમાનદારીની, ઉજાણીની, દેવદર્શનની, ને સાજા માંદાની ખબર પુછવાની વાતને સુદ્ધાં દૂર મુકી બેઠા હતા. હરએક જણ પોતપોતાની દુ:ખી સ્થીતિમાં ડુબેલું અને આ જીન્દગીથી નાઉમેદ થયેલું હતું. એઓ જીવતાં કહેવાતાં એટલુંજ, બાકી હતાં મુડદાંથી પણ કનિષ્ટ. નહોતી કોઇના દીલમાં કશી હિંમત, કે નહોતું કોઇના હાથ પગમાં બીલકુલ કૌવત. કોઇ પોતે દુ:ખનો ખાટલો લઇ પોતાના ઘરમાં પડેલું હતું, તો કોઇ પોતાના સંબંધીની એવી સ્થીતિ થયે એની સારવાર કરવામાં, તો કોઇ એ નિર્દય મરકીના ભોગ થઇ પડેલાને સંભારી સંભારી રડવા કુટવામાં પડેલું હતું. એ વખતના સઘળા 'કેસો' ખરેખરા અણચિન્તવ્યા હતા. નહિ કારણ કે નહિ સબબ, સાજાંતાજાં ચાલતાં હાલતાં એકાએક આરોગ્યમાં વિઘ્ન આવતું ને પહેલેજ સપાટે શુદ્ધબુદ્ધ ઉડી જતી. જો ભાગ્યને બળે કોઇ બચવા પામતું તો પામતું. નહિંતર જેવી તબીઅત નરમ પડતી કે સમજતું કે મૃત્યુ આવીને હમણાં ઉભું રહેશે, હમણાંજ મૃત્યુના પંજામાં ફસાઇ પડ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાનું છે. નહોતો મળતો 'વીલ' કરવા ઇચ્છનારને 'વીલ' કરવાનો પણ વખત; દિવસ બે દિવસમાં માંદગી, દવા, પશ્ચાતાપ અને મૃત્યુ સૌ જાણે એકીવખતેજ પધારેલાં હોયની એમ દેખાવ થઇ જતો ને પડદો પડી જતો. ટુંકામાં એ કોઇ એવી આકાશ પાતાળ એક કરી નાખનારી મરકી આવી હતી કે ઘેર ઘેર એનાં નામનાં રૂદન ચાલતાં. થોડા માસ આ આપત્તિ એ શહેરમાં રહી પરન્તુ એટલા અરસામાં તો શહેર કંઇ અર્ધ ઉપરાંત ખાલી થઇ ગયું. સેંકડો સ્ત્રીઓ વિધવા થઇ ગઇ, હજારો બાળકો માબાપ વિનાનાં થઇ ગયાં. જ્યાં પુછો ત્યાં કકળાટ ને ફરિયાદ શિવાય સાંભળવાનુંજ નહિ.

અહો કાળ ! તારી કુટિલ ગતિ છે, તને ઉલ્લંઘન કરવાને કોઇ પણ સમર્થ નથી. સહસ્ત્રો નરપતિઓ અને સેંકડો ચક્રવર્તીને તેં, વાયુ પ્રદીપનો નાશ કરે છે તેમ પ્રાણરહિત કર્યા છે. એક ક્ષણે જેઓ હસતાં અને ગાતાં દેખાય છે તે અન્ય ક્ષણેજ તારા ભક્ષ થઇ પડે છે, એવું તારૂં કષ્ટપરંપરાયુક્ત આચરણ છે. આમ જાણતાં છતાં ભોગોપભોગની લાલસાવાળા પ્રાણીઓ પોતાના ઉત્તમ જન્મને વ્યર્થ નિર્ગમન કરે છે, ચિન્તામણિને કાચના કટકાની કિમ્મતે વેચી નાખે છે. ભવના ઉચ્છેદને અર્થે નથી ધ્યાતા પરમાત્માના ઉત્કૃષ્ટપદને, કે નથી ઉપાર્જન કરતા સ્વર્ગનાદ્વારને ખુલ્લું મુકવાને સમર્થ એવા ધર્મને. ( અપૂર્ણ. ).

તંત્રી.

# સદ્બોધરસરાજ.

ધર્મ શું ? જે આચરણને સર્વ સજ્જનો પ્રશંસે તે ધર્મ અને જેને નિન્દે તે અધર્મ; અથવા (૨) જેનાથી ઉદય તથા કલ્યાણ થાય તેજ ધર્મ. અથવા (૩) જે કાર્ય આરંભથીજ ન્યાયયુક્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તે ધર્મ, અથવા (૪) પ્રાણીમાત્રનું જેથી હિત થાય છે એવું સદાચરણ તે ધર્મ. અથવા (૫) જન્તુને દુર્ગતિમાં જતાં ધરી રાખે, ધારણ કરે-રક્ષણ કરે તે ધર્મ. આ છેલ્લી 'ધર્મ' શબ્દની વ્યાખ્યા છે,

એવા વિશિષ્ટ ગુણયુક્ત 'ધર્મ' માં કદિ પણ ઉત્તમ પુરૂષોએ પ્રમાદ ન કરવો; ન્યાયયુક્ત ઉપાયોવડે સમૃદ્ધિ મેળવવામાં પણ પ્રમાદ ન કરવો; અને વિદ્યાભ્યાસમાં પણ પ્રમાદ ન કરવો.

વિદ્યા ભણવી (કે જ્ઞાન સંપાદન કરવું) તે અર્થ સહિત શીખવી. કેવળ મુખ પાઠ કરતાં શીખવું નહિ. કારણ કે અર્થ જાણ્યા વિના ભણ્યા ગણ્યાનો લેશ માત્ર લાભ થતો નથી. અર્થ નહિં જાણનારને શાસ્ત્રમાં વૃથા ભાર ઉપાડનાર એક થાંભલા જેવો કહ્યો છે.

વળી ભણવું તે વ્યાકરણ વિના વૃથા છે. એવું ભણવું ભાંગેલી હોડીવડે નદીને તરવા જેવું, તથા પથ્ય પાળ્યા વિના ઔષધ લેવા જેવું છે.

વિદ્યા મેળવવી તે કેવળ નિર્વાહ માટેજ નહિં પણ સર્વ પ્રકારનું જ્ઞાન તથા કુશળતા પ્રાપ્ત કરવા માટે છે. માટે નિર્વાહ પુરતી વૈદ્ય-વિદ્યા, વ્યવહાર શાસ્ત્ર, કૃષિશાસ્ત્ર, વ્યાપારશાસ્ત્ર, શિલ્પ શાસ્ત્ર, અને અનેક જાતની કળાઓ, સામાન્ય નીતિ વગેરેનું જ્ઞાન સંપાદન કરી અવકાશને સમયે ઇતિહાસ, ચરિત્ર લેખન, ગાયનવિદ્યા, તર્ક વિદ્યા ઇત્યાદિ શિખવા-સમજવા.

આમ વિચારતાં શાસ્ત્ર અનન્ત છે, ને વિદ્યા ઘણી છે; આયુષ્ય થોડું છે ને તેમાં વિઘ્નો અનેક છે. માટે જેમ હંસપક્ષી દુધ મિશ્રિત જળમાંથી દુધને ગ્રહણ કરે છે તેમ એ સર્વમાંથી સાર ગ્રહણ કરવો. ઉપર વિદ્યાઓ ગણાવી તેમનામાંથી એક સામાન્ય નીતિશાસ્ત્રનાં કેટલાંક વાક્યો-સૂત્રો, દોહન રૂપે નીચે પ્રમાણે કહ્યાં છેઃ—

મહાજનો યેન ગતઃ સ પંથાઃ નિરન્તર મહા પુરૂષોનું અનુસરણ કરવું. કદાચિત્ એ પૂરેપૂરૂં ન થઇ શકે તેવું હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો થોડું ઘણું એમનું અનુસરણ કરવું. કારણ કે એમના માર્ગમાં હશો ત્યાં સુધી તમો કલેશયુક્ત અવસ્થા નહિં અનુભવો.

પ્રત્યેક વ્યક્તિએ પ્રતિદિવસ પોતાનું ચરિત્ર વિચારવું કે એ તે પશુની સમાન છે કે સજ્જનોની તુલ્ય છે.

સજ્જનોની જોડેજ બેસવું; સંગતિ પણ એમનીજ રાખવી. વળી વિવાહ કે મૈત્રી પણ એ સજ્જનોની કરવી, દુષ્ટ જનોની સાથે લેશ પણ કામ પાડવું નહિં.

દ્રોહ ન કરનારા, યાચના ન કરનારા, પરનિન્દા ન કરનારા અને વિના બોલાવ્યે ન આવનારા—આવા પત્થર પણ દેવતા સમાન સમજવા.

અભ્યાસ કરનારનું સુખેત્ર જતું રહે છે, જાપ કરનારનું પાપ ટળી જાય છે; મૌન રહેનારનો કલહ બંધ થાય છે અને જાગ્રત રહેનારનો ભય નાશ પામે છે.

યૌવનાવસ્થા જઇ વૃદ્ધાવસ્થા આવી હોય તોપણ ઉત્તમ પુરૂષોએ હરેક પ્રકારે વિદ્યા ગ્રહણ કરવી. જો કે આવે સમયે એનું ફળ મળતું નથી, તોપણ અન્ય જન્મને વિષે એ સુલક્ષ થાય છે.

જેનું અનિષ્ટ ઇચ્છતા હો એવાનું પણ કરવું તો સદા પ્રિય જ. જુઓ કે પારધી પણ મૃગનો ઘાત કરવા માટે સુસ્વર ગાય છે.

કનિષ્ટમાં કનિષ્ટ વ્યક્તિને પણ અપ્રિય વચન ન કહેવાની વાતને પુષ્ટિરૂપ વચન કહે છે કે પ્રહાર કરવો હોય ત્યારે પે પ્રિય બોલવું, પ્રહાર કરી રહ્યા પછી વળી વિશેષ પ્રિય બોલવું, અને શિરચ્છેદ કરીને તો રૂદન સહિત અત્યંત પશ્ચાત્તાપ કરવો.

સજ્જનોની સલાહ લઇને સુવિચાર પૂર્વક કરેલો બુદ્ધિશાળી પુરૂષોનો સુકૃત્યોનો પ્રારંભ નિઃસંશય મોક્ષ પ્રાપ્તિરૂપ કાર્ય સિદ્ધિને આપનારો છે.

લેશ માત્ર ઉદ્યમ નહિં કરતાં આળસયુક્ત જીવન નિર્ગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન કરનારાજ અર્થસંપત્તિ પ્રાપ્ત કરતા નથી એમ નથી; પરન્તુ શઠ પુરૂષો, માયાકપટવાળા અને લોક અવાજથી ડરનારા પણ એ (અર્થ–દ્રવ્ય) મેળવી શકતા નથી. વળી એનાપર વાટ જોઇને બેઠેલાથી તો એ અર્થ–લક્ષ્મી પરાઙ્મુખજ રહે છે.

સમુદ્ર જળનો અર્થી નથી છતાં નિરન્તર જળથી ભરાયે જાય છે; માટે એ પરથી શિક્ષા એ ગ્રહણ કરવી કે પ્રત્યેકે યોગ્ય પાત્ર થવા પ્રયત્ન કરવો કારણકે યોગ્ય પાત્ર પાસે સંપત્તિ સર્વદા આવી રહે છે.

કદાચિત્ કાકતાલીય ન્યાયે એટલે અચાનક–જવલ્લે લક્ષ્મી અપાત્ર–જનનો પ્રેમ કરતી જણાય તો એનો અર્થ એટલો લેવો જે એ તો એના સ્રીપણાનો ચપલ સ્વભાવ છે.

તમે કોઇ કાર્ય મનમાં ધાર્યું હોય અથવા તો કોઈ કાર્ય વિષેની ઘટના કર્યા કરતા હો તો તમે એમાં અવશ્ય વિજયી નિવડશો એમ સમજજો; પરન્તુ તેની શરત એટલી સાથે ખરી કે એનાથી કંટાળીને પાછા ન ફરતાં આગ્રહથી મંડયા રહેવું.

અજ્ઞાનને તમારાથી નિરન્તર દૂર રાખો, પ્રમાદને તો તમારામાં પ્રવેશજ ન કરવા દો. યદ્કિંચિત તમારૂં જ્ઞાન છે તે સમુદ્રની પાસે એક બિન્દુ માત્ર છે, તેનો મદ કદાચિત્ પણ ન કરો. કારણકે એ ત્રણ વાનાંએ હજારોનો સંહાર કર્યો છે.

મનુષ્ય જાતને પોતાના મિત્ર–સ્વજન કે બંધુઓના સ્નેહની, પોતાની બુદ્ધિની અને ધૈર્યની ખરી કસોટી આપત્તિ સમયેજ થાય છે.

પ્રારંભમાંજ વિપત્તિનો પ્રતિકાર કેમ કરવો એનું ચિન્તવન કરવું કારણ કે "ઘર લાગ્યા પછી કૂપ ખોદાવે, આગ એ કેમ ઓલવાશે રે ?"

અન્યાયમૂલક વૈભવ કરતાં દારિદ્રય સારૂં; કારણ કે શરીર પણ પીનતા કરતાં કૃશતાથી શોભે છે.

કોઇપણ કાર્ય પરીક્ષા કર્યા વિના ન કરવું; પણ પૂર્ણપણે પરીક્ષા કે તપાસ કરીનેજ કરવું; જેથી પાછળથી પશ્ચાત્તાપ ન કરવો પડે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પારકા તુચ્છગુણોને વિષે બહુ રાગ, અને પોતાના ઉત્તમ ગુણોને વિષે પણ સંતોષ નહિં- એવા પ્રકારનો સાધુ જનોના મનનો વિવેક હોય છે.

સાધુજનો અન્ય વ્યાપારથી પરાઙ્મુખ છતાં પણ, પરોપકાર રૂપી વ્યાપારના ભારને વહન કરવાને સદા ઇચ્છાતુર અને શક્તિમાન્ છે.

સ્વભાવતઃ શુદ્ધ એવા સાધુજનોના ચિત્તને કોઇપણ ઉપાધિ વિકાર કરી શકતી નથી, તેથી અન્યવર્ણના યોગથી પોતાનો સ્વભાવ ત્યજી દેનાર એવા સ્ફટિક રત્નથી પણ અધિક છે.

જેમ વિધાતાએ સજ્જનોને સરજીને આપણાપર ઉપકાર કર્યો છે; તેમ દુર્જનોને સરજીને પણ સજ્જનોપર ઉપકાર કર્યો છે; કારણકે અન્ધકાર શિવાય ચંદ્રમાની અને અન્ય કાચની ગેરહાજરીમાં મણિની કિમ્મત થતી નથી.

બહારથી કોમળ વાર્તાલાપ કરતા પણ અન્તઃકરણને વિષે કઠિન એવા શઠ લોકોથી ભુલાવામાં પડતા નહિં. શેવાળથી શોભતા એવા પત્થર પર પડવું એ કેવળ દુઃખનુંજ કારણ છે.

ગુણોની નિન્દા કરનાર ખળ પુરૂષોની લક્ષ્મી—આબરૂ પદ્મની પેઠે દિવસ પર્યન્તજ રહેવાની. દિવસ પૂર્ણ થયે જેમ કમળ મુદ્રિત થઇ જાય છે, તેમ એવા લોકો પણ પોતાનો દિન (ઉદય) પૂર્ણ (અસ્ત) થયે છતે શોભા રહિત થાય છે.

ભલેને નીચ માણસ કદાપિ ઉચ્ચાસન પર બેસે પણ તેથી સત્પુરૂષોના ચિત્તને લેશ પણ ચમત્કાર નહિં લાગેઃ સુવર્ણના મેરૂ પર બેઠેલો દીન કાકપક્ષી કાક જ રહેવાનો.

સત્પુરૂષોની વૃત્તિ ગંગા નદી જેવી છે, અને ખળ પુરૂષોની વૃત્તિ યમુના નદી જેવી છે, તેમના સંગમરૂપ તીર્થને વિષે મજ્જન કરાવીને તમારા પ્રબન્ધ—લેખ આદિને વિશુદ્ધ કરો.

ધનવાન, વિદ્યાવાન, રાજા, નદી અને વૈદ્ય-એ પાંચ જે ગ્રામ કે નગરમાં ન હોય ત્યાં એક પણ દિવસ વાસ કરવો નહિં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ જ્યાં કોઇ નાયક ન હોય ત્યાં, અને જ્યાં બાળ નાયક હોય ત્યાં, તેમજ જ્યાં સ્ત્રી નાયક હોય ત્યાં પણ રહેવું નહિ.

પરદ્રવ્યને વિષે અનભિજ્ઞપણું, સર્વ સત્વોને વિષે મૈત્રીભાવ અને કર્મના ફળ મળે છે એવી શ્રદ્ધા—એ ત્રણે વાનાં નિત્ય મનને વિષે ચિંતવવા.

પ્રાણાતિપાત એટલે જીવહિંસા, સ્તૈન્ય એટલે ચોરી અને પરદારાગમન એટલે પરસ્ત્રીસેવન—એ ત્રણ મહા પાપ આ કાયાએ સર્વદા વર્જવાં.

કાલે કોનું શું થશે એમ કોઇ જાણતું નથી. (આવતી) કાલે કરવાનું હોવ તે આજેજ કરવું.

આ લોક અને પરલોક—ઉભયને સુખકર્તા એવું જે કાર્ય હોય તેજ સર્વદા આચરવું, ઇતરનો ત્યાગ કરવો.

મનુષ્ય માત્ર સુખી થવાને માટે અનેક પ્રયત્નો કરે છે, તેમાં પ્રથમ અવસ્થામાં વિદ્યાભ્યાસ કરી મનને કેળવે છે. મન કેળવવાની સાથે તન પણ કેળવવાની આવશ્યકતા ચોતરફથી સ્વીકારાઇ ચુકી છે. કારણ કે મનની અસર તન ઉપર અને તનની અસર મન ઉપર થતી જણાય છે. એ ઉભયની પ્રસન્નતા એમ એક બીજાને આભારી છે, માટે શરીરની જે ચેષ્ટા હિત કરનારી, દૃઢતા દેનારી અને બળ વધારનારી હોય, તે અવશ્ય થોડી થોડી કરવી. કારણ કે એ ચેષ્ટા જેને કસરત કહે છે, તે શરીરમાં હલકાપણું, કામ કરવાનું સામર્થ્ય અને શ્રમ સહનકરવાપણું ઉત્પન્ન કરે છે.

વળી વ્યવહારમાં સુખી થવાની ઇચ્છા હોય તો રાજ્ય વિરૂદ્ધ આચરણ કદિ પણ કરવું નહિ; કારણ કે એમ કરવાથી રાજશિક્ષાને પામીને દુઃખી થવાય છે.

વળી વ્યવહારમાં કુળના બચાવ માટે એકનો, ગામના બચાવ માટે કુળનો, દેશના બચાવ માટે ગામનો અને પોતાના બચાવ માટે પૃથ્વીનો પણ જરૂર પડે તો ત્યાગ કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિત્રતા કરવી તો પોતાથી સમાન કે અધિક ગુણવાળાની કરવી; કારણ કે એઓજ વિશ્રાન્તિના હેતુ છે. વળી જેની પાસે પોતે પોતાના સુખદુઃખની વાતો કરી શકે એવાનીજ મૈત્રી કરવી. કારણ કે પાણીના છાંટારૂપ મિત્ર મળવાથી જેમ દુધનો ઉભરો બેસી જાય છે, તેમ મિત્ર પાસે વાત કરવાથી મન શાંત થાય છે.

સત્પુરૂષોની મિત્રાઇ વિષે એ બોધક દ્દષ્ટાંત સાંભળો— દુધે પોતામાં મળેલા જળને પ્રથમ પોતાના સર્વ ગુણ આપ્યા, તે જળે પણ ઉષ્ણ થવા અગ્નિપર મૂકેલું દુધ ઉષ્ણ થતું જોઇ પોતાના આત્માને અગ્નિમાં હોમ્યો, અર્થાત્ પોતે બળવા માંડયું. ત્યારે દુધે પણ મિત્રની આપત્તિ જોઇ અગ્નિને શીત કરવા તેની કને જવાનું કર્યું, અર્થાત્ ઉભરાવા માંડયું. પણ પુનઃ જળરૂપ મિત્રનો સહવાસ થવાથી ( ભળવાથી ) શાન્ત થયું. આવી સત્પુરૂષોની મિત્રાઇ હોય છે.

પોતામાં પરોપકાર, ઇન્દ્રિયનિગ્રહ, શૌર્ય, વિજ્ઞાન, વિનય તથા નીતિરૂપ ગુણ હોય, તેમાં વિસ્મય પામવું નહિ. કારણ કે વસુંધરા બહુરત્ના છે.

વ્યવહારમાં અત્યન્ત સરલપણે વર્તવું નહિ; કારણ કે વનમાં જઇને જોશો તો માલમ પડશે કે ત્યાં સરલ એટલે સીધાં વૃક્ષો કપાય છે અને વાંકાચૂંકા કાયમ રહે છે.

વખત નીમી કાર્ય કરવાં, ક્યારેય અન્યથા કરવાં નહિ. કારણ કે વખત નીમ્યા વિના કાર્ય કરવાથી કાર્યોને વિષે ગુંચવાડો ઉત્પન્ન થાય છે, અને એક પણ કાર્ય સિદ્ધ થતું નથી. વખત બાંધીને કાર્ય કરવાથી સર્વ કાર્યો ફતેહમંદપણે પાર ઉતરે છે. એટલુંજ નહિં પણ રમત ગમત ને ફુરસદનો વખત પણ વધે છે, જે બુદ્ધિમાન્ જનો કાવ્યશાસ્ત્રના વિનોદમાં નિર્ગમન કરે છે.

આપણું ખેદ પામેલું ચિત્ત સુભાષિત શ્લોક—કાવ્યાદિવડે પ્રસન્ન થાય છે, અન્યનું સુભાષિત સાંભળવા ઇચ્છે છે, અને અજ્ઞાની તથા જ્ઞાનીને પણ સુભાષિતવડે વશ કરી શકે છે. માટે મનુષ્યોએ અવશ્ય સુભાષિતનો સંગ્રહ કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છેવટ ગુણગ્રાહી જન જ સુખી થાય છે, માટે સર્વ સ્થળેથી ગુણ ગ્રહણ કરવો, દુશ્ચરિત છોડી સુચરિત ગ્રહણ કરવાં.

તંત્રી.

---

# કોન્ફરન્સનાં તત્વો.

( અનુસંધાન ગયા અશાડ માસથી. )

**ઐકય.** કોન્ફરન્સનું પાંચમું તત્ત્વ ઐકય છે. એ તત્ત્વ સર્વ તત્ત્વોમાં પ્રથમ પદે આવે છે, જ્યાં સુધી ઐકય તત્ત્વ ન હોય, ત્યાં સુધી કોઇ પણ કાર્ય સિદ્ધ થઇ શકતું નથી. ઐકયના બળથી સર્વ પ્રકારના કાર્યો સિદ્ધ થાય છે, તેથી ઐકય એ દિવ્ય ગુણ કહેવાય છે. જે જનસમુદાય ઐકયબળવાળો હશે, તે સદા વિજયી થશે. ઐકય બળના પ્રભાવથી અનેક દેશ વિજયી થાય છે, અને મહાન્ સત્તા પણ તેના બળ આગળ નિર્બળ થઈ ગએલી છે. યૂરોપની બળવતી પ્રજા રૂશીયાને જાપાને પરાભૂત કરી, તેનું કારણ ઐકય છે. જાપાની પ્રજા પોતાના ઐકય બળે કરી સર્વ રીતે વિજયવતી થયેલી છે, તેથી આપણે એ ઐકય ગુણ સંપાદન કરવાને તત્પર રહેવાનું છે. જો આપણામાં એ મહત્ તત્ત્વ રહેલું હશે, તો આપણી કોન્ફરન્સ સદા વિજયવતી થયા કરશે. જો આપણી કોન્ફરન્સને વિજય, ઉદય, સામર્થ્ય, પ્રભાવ અને મહત્તા વિગેરે પ્રાપ્ત કરાવવા હોય તો તેને આપણે ઐકય બળ અર્પણ કરવું. ઐકયબળવડે બળવતી થયેલી કોન્ફરન્સ તે મેળવવાને સમર્થ થઇ શકશે. એ ઐકયતત્ત્વના દ્રવ્યઐકય અને ભાવઐકય-એવા બે પ્રકાર છે. દ્રવ્ય ઐકય એ વસ્તુતઃ ફળદાયક થઇ શકતું નથી. કારણ કે તેની અંદર બાહ્યભાવ રહેલો છે. જ્યારે એકતામાં બાહ્યભાવ જોવામાં આવે છે, ત્યારે તે સર્વ રીતે નિષ્ફળ નીવડે છે. ઉપર ઉપરથી સંબંધ દર્શાવનારા અને કર્ત્રિમ એકતા બતાવનારા લોકોની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના શુદ્ધ વિચાર પ્રગટ કરવા જોઇએ. જો હૃદયમાં કોઇ પણ જાતની સ્વાર્થ વૃત્તિ હોય તો તેવા હૃદયમાંથી અશુદ્ધ વિચારોજ પ્રગટ થવાના; અને જે વિચારની અશુદ્ધિ છે તે કાર્ય સિદ્ધિમાં અંતરાય ઉત્પન્ન કરનારી છે.

આથી નિઃસ્વાર્થપણાનું ઉત્તમ તત્ત્વ કોન્ફરન્સના ઉપાસકોએ સર્વદા સેવવું જોઇએ. જો તેમનામાં નિઃસ્વાર્થતાનું ઉત્તમ તત્ત્વ પ્રગટ થશે, તો પછી તેમની શુદ્ધ ઇચ્છા પરાર્થમાં પ્રવૃત્તિ કરશે, એટલે કાર્ય સિદ્ધિ અવલંબે થયા વિના રહેશે નહિ.

શુદ્ધ ઇચ્છા એ દિવ્ય વસ્તુ છે. હૃદયના ઉંડા પ્રદેશમાંથી શુદ્ધ ઇચ્છા પ્રગટ થાય છે. " હું મારા સાધર્મી બંધુઓનું કલ્યાણ કરૂં; મારા ધર્મનો, મારા ધર્મ જ્ઞાનનો, અને મારી કોમનો ઉદય થવામાં હું પ્રયત્ન કરૂં. "—આવી શુદ્ધ ઇચ્છા જો દરેક પ્રતિનિધિના હૃદયમાં પ્રગટ થાય, તો આપણી કોન્ફરન્સ મહાભારત કાર્ય કરવાને સમર્થ થાય એ નિઃસંદેહ વાર્તા છે.

શુદ્ધ ઇચ્છાનું સામર્થ્ય આ જગત્‌માં કેટલું છે તે મનુષ્યો જાણતાં નથી. પવન, વરાળ, અને વીજળીનું અસાધારણ સામર્થ્ય પણ શુદ્ધ ઇચ્છાના સામર્થ્ય આગળ કશી ગણત્રીમાં નથી. મનુષ્યે આજ સુધીમાં જે આશ્ચર્યકારી સામર્થ્ય મેળવ્યું છે, હાલ મેળવે છે અને ભવિષ્યમાં મેળવશે તે સર્વ શુદ્ધ ઇચ્છાનોજ પ્રભાવ છે. જ્યાં એવી શુદ્ધ ઇચ્છાનો અભાવ હોય છે, ત્યાં ઉન્નતિ અટકે છે. જેમ જેમ શુદ્ધ ઇચ્છા પ્રબળ થતી જાય, તેમ તેમ ઉન્નતિના વેગનું બળ પણ વધતું જાય છે, અને શુદ્ધ ઇચ્છાને દબાવવાનો જેમ જેમ અધિક પ્રયત્ન તેમ તેમ ઉન્નતિના વેગનું પાછું હડવું થતું જાય છે. તેથી નિઃસ્વાર્થ વૃત્તિની સાથે સંબંધ રાખનારી શુદ્ધ ઇચ્છાને નિરન્તર અન્તઃકરણને વિષે સ્થાન આપી કોન્ફરન્સના હિતના આ છઠ્ઠા તત્વમાં સદા પ્રયત્નશીળ રહેવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધર્મ રત્નની પ્રાપ્તિને માટે અવશ્ય પ્રાપ્ત કરવા યોગ્ય ગુણો.

## (ધર્મની ખરી કુંચી.)

(ગયા અંકથી ચાલુ.)

ઉક્તગુણભૂષિત ભવ્ય સત્ત્વોએ શુદ્ધ ધર્મની પ્રાપ્તિ માટે શુધ્ધ સંયમ ધારી સદ્ગુરૂ પાસે સુશ્રુષા પૂર્વક ધર્મનું સ્વરૂપ સાંભળવા અને તેનું મનન કરવા સાથે યથાશકિત તેનું પરિશીલન કરવાને પ્રયત્ન સેવવો જોઇએ. તે ધર્મ મુખ્યપણે બે પ્રકારનો છે. દેશવિરતિ ધર્મ અને સર્વ વિરતિ ધર્મ; દેશવિરતિ ધર્મના અધિકારી ગૃહસ્થ લોક હોઇ શકે છે, અને સર્વ વિરતિ ધર્મના અધિકારી સાધુ મુનિરાજ હોઇ શકે છે. સ્થૂલ થકી હિંસા, અસત્ય, અદત્ત, મૈથુનનો ત્યાગ અને પરિગ્રહનું પ્રમાણ કરવા રૂપ પાંચ અણુવ્રત; દિગ્વિરમણ, ભોગોપભોગવિરમણ અને અનર્થ દંડ વિરમણ રૂપ ત્રણ ગુણવ્રત; તથા સામાયક, દેશાવગાસિક, પૌષધ અને અતિથિસંવિભાગ રૂપ દ્વાદશવ્રત ગૃહસ્થ (શ્રાવક) ને હોઇ શકે છે. સાધુ મુનિરાજને તો સર્વથા હિંસા, અસત્ય અદત્ત, અબ્રહ્મ તથા પરિગ્રહના પરિહારથી અહિંસા, સત્ય, અસ્તેય બ્રહ્મચર્ય અને અસંગતા રૂપ પાંચ મહાવ્રતો પાળવા સાથે રાત્રીભોજનનો સર્વથા ત્યાગ કરવાનો હોય છે. (વિવેકવંત ગૃહસ્થ પણ રાત્રીભોજનનો ત્યાગજ કરે છે ) તે ઉપરાંત સાધુ મુનિરાજને નીચેનીદશ શિક્ષા સંપૂર્ણ રીતે પાળવાની હોય છે, અને ગૃહસ્થને બની શકે તેટલા પ્રમાણમાં તે પાળવાની હોય છે.

૧ ક્ષમા–અપરાધિ જીવોનું અંતઃકરણથી પણ અહિત નહિ ઇચ્છતાં જેમ સ્વપરહિત થઇ શકે તેમ સહનશીલતાપૂર્વક ઉચિત પ્રવૃત્તિ યા નિવૃત્તિ કરવી અને જીનેશ્વર પ્રભુના પવિત્ર વચનનો તેવો મર્મ સમજીને અથવા આત્માનો એવોજ ધર્મ સમજીને સહજ સહનશીલતા ધારવી તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ મૃદુતા–જાતિમદ, કુળમદ, બળમદ, પ્રજ્ઞામદ, તપમદ, રૂપમદ, લાભમદ અને ઐશ્વર્યમદનું સ્વરૂપ સારી રીતે સમજી, તેથી થતી હાનિને વિચારી તે સંબંધી મિથ્યાભિમાન તજીને નમ્રતા યાને લઘુતા ધારણ કરવી; ગુણગુણીનો દ્રવ્ય ભાવથી વિનય સાચવવો, તેની ઉચિત સેવા ચાકરી કરવી, તેમનું અપમાન કરવાથી સદંતરે દૂર રહેવું; વિગેરે નમ્રતાના નિયમો ધ્યાનમાં રાખીને સ્વપરની પરમાર્થથી ઉન્નતિ થાય એવો સતત ખ્યાલ રાખી રહેવું તે.

૩ સરલતા—સર્વ પ્રકારની માયા તજી નિષ્કપટ થઇ રહેણી કહેણી એક સરખી પવિત્ર રાખવી. જેમ મન વચન અને કાયાની પવિત્રતા સચવાય, અન્ય જનોને સત્યની પ્રતીતિ થાય તેમ પ્રયત્નથી સ્વઉપયોગ સાધ્ય રાખીને વ્યવહાર કરવો તે.

૪ સંતોષ–વિષય તૃષ્ણાનો ત્યાગ કરી તે માટે થતા સંકલ્પ–વિકલ્પોને સમાવી દઇ સંતુષ્ટવૃત્તિને ધારણ કરી સ્થિર ચિત્તથી સમ્યગ્ દર્શન જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયીનું સેવન કરવું તેમજ સર્વ પાપ ઉપાધિથી નિવર્તવું તે.

૫ તપ–મન અને ઇંદ્રિયોના વિકાર દૂર કરવા તેમજ પૂર્વ કર્મનો ક્ષય કરવા સમતા પૂર્વક બાહ્ય અને અભ્યંતર તપનું સેવન કરવું. ઉપવાસ આદિક બાહ્યતપ સમજીને સમતાપૂર્વક કરવાથી જ્ઞાન ધ્યાન પ્રમુખ અભ્યંતર તપની પુષ્ટિને માટેજ થાય છે. તેથી તે અવશ્ય કરવા યોગ્યજ છે. તપથી આત્મા કંચન જેવો નિર્મળ થાય છે.

૬ સંયમ–વિષય કષાયાદિક પ્રમાદમાં પ્રવર્તતા આત્માને નિયમમાં રાખવા યમનિયમનું પાલન કરવું, ઇંદ્રિયોનું દમન કરવું, કષાયનો ત્યાગ કરવો અને મન વચન કાયાને બનતા કાબુમાં રાખવા તે.

૭ સત્ય–સહુને પ્રિય અને હિતકર થાય એવુંજ વચન વિચારીને અવસર ઉચિત બોલવું, જેથી ધર્મને કોઇ રીતે બાધક ન આવે તે.

૮ શૌચ–મન વચન અને કાયાની પવિત્રતા જાળવવાને બન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો પ્રયત્ન સેવ્યા કરવો. પ્રમાણિકપણેજ વર્તવું. સર્વ જીવને આત્મ-સમાન લેખવા. કોઇની સાથે અંશમાં પણ વૈર વિરોધ રાખવો નહિં. સહુને મિત્રવત્ લેખવા, તેમને બનતી સહાય આપવી અને ગુણવંતને દેખી મનમાં પ્રમુદિત થવું--પાપી ઉપર પણ દ્વેષ ન કરવો તે.

૯ નિષ્પરિગ્રહતા—જેથી મૂર્છા ઉત્પન્ન થાય એવી કોઇ પણ વસ્તુનો સંગ્રહ નહિં કરવો. પરિગ્રહને અનર્થકારી જાણી તેનાથી દૂર રહેવું, કમલની પેરે નિર્લેપપણું ધારવું, પરસ્પૃહાને તજી નિ-સ્પૃહપણું આદરવું.

૧૦ બ્રહ્મચર્ય-નિર્મળ મન વચન અને કાયાથી કિંપાકની જેવા પરિણામે દુઃખદાયક વિષયરસનો ત્યાગ કરી નિર્વિષયપણું યાને નિર્વિકારપણું આદરવું. વિવેક રહિત પશુની જેવી કામ ક્રીડા તજી સુશીલપણું સેવવું. લજ્જાહીન એવી મૈથુનક્રીડાનો ત્યાગ કરી આત્મ રતિ ધારવી તે.

આ દશવિધ ધર્મશિક્ષાનું શુદ્ધ શ્રદ્ધાપૂર્વક સેવન કરવાથી કોઇપણ જીવનું સહજમાં કલ્યાણ થઇ શકે છે. માટે તેનું યથાવિધ સેવન કરવાની અતિ આવશ્યક્તા છે. સમ્યગ્ દર્શન જ્ઞાન અને ચા-રિત્ર એજ મોક્ષનો ખરો માર્ગ છે.

સન્મિત્રકર્પૂરવિજયજી.

# ગ્રન્થાવલોકન.

**આત્મપ્રકાશ**—જેનાવડે આત્મા પ્રકાશ પામે એવો આ **આત્મપ્રકાશ ગ્રંથ** વૈરાગ્ય સંવેગ નિર્વેદદ્વારા મોક્ષ આરાધવામાં સ-હાયભૂત થવા માટે યોગનિષ્ટ મુનિરાજ મહારાજ શ્રી ૧૦૦૮ બુદ્ધિ-સાગરજી એ દુહામાં રચી સર્વ સામાન્ય જીવોને ભણવા-વાંચવામાં વિશેષ ઉપયોગી થાય એમ જાણી વિવેચન સહિત તૈયાર કરેલો છે.

સર્વ ભવ્યજનો પોતાના આત્મ સ્વરૂપને ઓળખે, અને ઓળખીને ઇષ્ટ કર્ત્તવ્યની સન્મુખતાથી ભવભ્રમણનો વ્યુચ્છેદ કરે એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ગ્રંથ રચવાનો કર્ત્તાનો ઉદ્દેશ છે. શ્રી સર્વજ્ઞ પરમાત્માએ યથા તથ્ય આત્મસ્વરૂપ જાણી સૂત્રોને વિષે ઉપદિશ્યું છે તે સૂત્રોરૂપી સમુદ્રમાંથી આ ગ્રન્થ ઉદ્ધરીને સર્વવ્યક્તિને મોક્ષાધિકારી થવાને યોગ્ય કરવાને આ ગ્રંથ રચવામાં આવ્યો છે. આ ગ્રંથ અધ્યાત્મ શાસ્ત્રનો છે અને એમાં અધ્યાત્મજ્ઞાનનું વિશેષ વિવેચન કર્યું છે. પ્રારંભમાં અહંવૃત્તિનું સ્વરૂપ બતાવી, આગળ એ વૃત્તિના નાશને અર્થે ષડ્દ્રવ્ય અને સાત નયની ઓળખાણ કરાવી છે. વળી પ્રાન્તે જ્ઞાન અને ક્રિયા ઉભયની એકત્રતાજ મુક્તિપ્રદ છે એમ સમજાવી પરસ્પર ક્રિયા અને જ્ઞાનનું પરમ આત્માનન્દ ઉત્પન્ન કરનારૂં માહાત્મ્ય વર્ણવ્યું છે.

હાલના સમયમાં એકાન્તમિથ્યાત્વના અધ્યાત્મ ગ્રંથો વાંચી શુષ્કજ્ઞાની બની વ્યવહાર ક્રિયાથી ભ્રષ્ટ થઇ ફરનારાને આ ગ્રંથ ઉચ્ચ વિચારો આપી તત્વનું યથાર્થ સ્વરૂપ સમજાવશે અને ધર્મ ક્રિયામાં વિશેષ રૂચિ કરાવશે.

જેવી રીતે તત્રભવાન્ મુનિરાજે આ ઉત્તમ ગ્રંથ પોતે રચીને, તેવીજ રીતે પ્રસિદ્ધ કર્ત્તા **માણસાના** શેઠ વીરચંદભાઇ કૃષ્ણાજીએ પણ વિના મૂલ્યે આપવા માટે આ ગ્રંથ છપાવી ધર્મરૂચિ જીવો પર એક મ્હોટો ઉપકાર કર્યો છે.

# ચર્ચાપત્ર.

## મહેરબાન આત્માનન્દ પ્રકાશના આધિપતિ સાહેબ,

નીચેનો લેખ સાર્વજનિક લાભને ખાતર દાખલ કરી ઉપકૃત કરશો.

ખાંડ અને કેશરની અપવિત્રતાનો સવાલ લાંબા વખતથી ચકડોળે ચઢેલો છે, અને કેટલાક હિંદુભાઇઓએ સ્વદેશી ખાંડ વાપરવાનું પ્રાયઃ ચાલુ કરી દીધું છે; એ ખાંડ વિદેશી ખાંડને મુકાબલે બહુ મોંઘી માલમ પડવાથી તથા પરદેશી ખાંડ અપવિત્ર છે કે નહિ, અને અપવિત્ર વસ્તુ સાથે સંમેલન થયા પછી અમુક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રિયા થયા પછી તે દોષ પાત્ર રહે છે કે કેમ ? વળી વિદેશી ખાંડને કેટલાક કારખાનાવાળા રૂપાંતર ફેરવી મોંઘે ભાવે સ્વદેશી ખાંડ તરીકે વેચવાનું માનવામાં આવે છે; તે બધી બાબતોમાં કેટલી સચ્ચાઇ છે, તે નક્કી કરવું બહુ અગત્યનું છે. જૈનોમાં આ સવાલ કોઇકિવાર હાથ ધરવામાં આવે છે, વળી પડતો નાંખવામાં આવે છે; પણ એકજ નિર્ણય થઇ આખી હિંદુસ્તાનની જૈનકોમ માટે એકજ નિશ્ચય થાય એવાં સાધનો એકત્ર થયાં નથી.

કેશરના સંબંધમાં પણ અનેક બાબતો વિચારવાની છે. માંસ, ચરબી અથવા સ્પીરીટ (દારૂ)નો ભેળ થાય છે કે નહિ, અને થાય છે તો કેવે પ્રકારે કયા કેશરમાં કરવામાં આવે છે, તેનો નિશ્ચય પણ થવો જરૂર છે, તેમજ કાશ્મીર અથવા ઇરાનનું કેશર શુદ્ધ અને ઇતર કેશરના મુકાબલે યોગ્ય ભાવે અને જોઇએ તેટલું સહેલાઇથી મળી શકશે કે નહિ વગેરે બાબતો પણ વિચારવાની છે.

આ બાબતોનો નિશ્ચય થયા પછી પણ તેનો અમલ કરવાને જૈનોના મોટા જમણવારો સ્વામીવત્સલો અને ભાતામાં તેવી ખાંડ ચાલુ કરવાની શકયતા માટે અને તીર્થોમાં તેમજ દેરાસરોમાં કેશર ચાલુ કરવા માટે તે તે સંસ્થાઓના વહીવટ કર્તાઓની સંમતિની પ્રથમ જરૂર પડશે. તે કાર્ય પાર પાડવા માટે દરેક તિર્થ અને મોટા શહેરોના આગેવાનોનું એક મહાન કમીશન નીમવાની પૂરી આવશ્યકતા છે, પણ એ કમીશન આગળ એ બાબતને લગતા સંપૂર્ણ સાધનો, જેવાં કે બંને પક્ષની દલીલો, પૂરાવાઓ, સર્ટીફિકેટો, રિપોર્ટો પ્રમાણિક પુસ્તકોના આધારો વગેરે રજુ કરવું એ પ્રથમ જરૂરનું હોવાથી શ્રી જૈન (શ્વેતાંબર) કોન્ફરન્સે હાલમાં "સક્કર ( ખાંડ ) કેશર પરીક્ષક કમીટી" નામની કમીટી નીમી છે.

એ કમીટી હાલ તુરત ખાંડના સંબંધમાં અત્રેના તેમજ પરદેશના કારખાનાવાળાઓ સાથે, તેમજ એ બાબતમાં ઉત્તર હિંદમાં ઘણી સભાઓ ભરાઇ છે તેના હેવાલો મેળવવા માટે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અશુદ્ધતાના સંબંધનાં પ્રમાણોની પુષ્ટિની તેમજ વિરોધની દલીલો એકઠી કરવા માટે પત્ર વ્યવહાર કરશે.

વળી સ્પેનના અને અત્રેના કેશરવાળાઓ સાથે, સ્પેન, ઇરાન, કાશ્મીર, આદિના કોન્સલ અને રાજકર્તા સાથે દેશી કેશર વેચનારાઓ સાથે અને એ બાબતપર અજવાળું પાડવાને જેની પાસે સાધન હોય તેઓ સાથે પત્ર વ્યવહાર કરી જોઇતી વિગતો મેળવી જુદા જુદા નમુનાઓનું પૃથક્કરણ કરાવી જોઇતી બાબતો એકઠી કરશે.

એ કમીટીએ પોતાનું કાર્ય ચાલુ કરી દીધેલું હોવાથી આપના વગવાળા પત્ર મારફત દરેક ધર્મિષ્ટ ભાઇ પછી ગમે તે જાતિના હોય તેઓને અરજ કરવામાં આવે છે કે એ બે વસ્તુના સંબંધમાં તેઓ પાસે જે જે પ્રકારનું રેકર્ડ, સાધન, લેખ, પુરાવા આદિ હોય તે સ્વાર્થ રહિતપણે દેવ સેવા અને આહાર શુદ્ધતાના બારીક ધાર્મિક સવાલપર લક્ષ આપી, દરેકે પોતાનું કર્તવ્ય સમજી, લખી મોકલવા કૃપા કરવી.

કમીટી એ વિષયના અભ્યાસીઓની સલાહ પણ લેશે, તેમજ જરૂર પડશે તો બંને પક્ષના વિચાર ધરાવનારાઓની અત્રે તેમજ બહાર ગામ જુબાની પણ લેશે. એવી સ્વતંત્ર જુબાની આપનારા ગૃહસ્થોએ પોતાના નામો ઠેકાણા સહિત લખી મોકલવા મહેરબાની કરવી.

જાતે તપાસ કરવાની સુચના આવશે તો ખાસ માણસ પણ મોકલી આપવામાં આવશે.

લી૦ તા૦

મુંબઇ, પાયધુણી.
શ્રી જૈન (શ્વે.) કોન્ફરન્સ
ઓફીસ.

અમરચંદ પી. પરમાર,
સેક્રેટરી,
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની,
સક્કર (ખાંડ) કેશર પરીક્ષક કમીટી.

For Private And Personal Use Only